શ્રી.

શ્રી વસંત કૃત—
બાળા સ્તવન.

રચનાર.

ત્રીવેદી વસંતરાય મોહનલાલ

વસંત તિલકા.

નમ નમુ શ્રીરત્નાગર બહુચર માત,
ચાહું ન આશ્રય બીજન કરૂ તારી આશ,
આધાર સત્ય તારો ચિત્તમા ધરૂં છુ
ગુણાગ્રીઢ ગાવા, સુમતી ચહુ છુ.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૩

પ્રત ૧૦૦૦ આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

કેશવલાલ નનુભાઈ.

સારંગપુર દરવાજા બહાર પ્રેમપુરી માતા—અમદાવાદ.

કીં. વિના મૂલ્યે.

श्री

શ્રી વસંત કૃત બાળા સ્તવન.

રચનાર.
ત્રીવેદી વસંતરાય મોહનલાલ.

વસંત તિલકા.

નમુ નમું બીરદાળી બહુચર માત,
ધારૂ ન આશ્રય બીજો, કરૂ તારી આશ,
આધાર સત્ય તારો ચીત્તમા ધરૂં છુ.
ગુણારવીંદ ગવા, સુમતી ચહુ છુ

સંવત ૧૯૭૦ સને ૧૯૧૩.
પ્રત ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
કેશવલાલ નનુભાઇ.
સારંગપુર દરવાજા બહાર પ્રેમપુરી માતા.—અમદાવાદ.
કીં. વિના મૂલ્યે.

શ્રી.



અર્પણ પત્રિકા

હે મતુશ્રી ભગવતી કલ્યાણકારક હે અંબીકા હે બહુચરા મહા-
કાળી મદ માયા તમારા ગુણોનો પાર કોઇ પામી શકયા નથી આ જ-
ગતના કર્તા અને નિયતાત્રાતા આપજ છો હે નારાયણી સર્વચર અને
અચર વસ્તુના તથા પુજ્ય પરમ ગુરૂ તમેજ છો. હે અતુલ પરાક્રમ-
વાળા પરમેશ્વરી ત્રણ લોકના કર્તા તમેજ છો અજરા અમર પરમ
મંગળ કરૂણામય તથા પરમ પવિત્ર પરમેશ્વરી વિશ્વભરી વરદાયીની
આપ મહેશ્વરી જગતના કર્તા જગદીશ્વરી જગત જનની જગત વિષે
આપની માયા સર્વત્ર પ્રસરી રહી છે જે એમની પવિત્ર મનથી ઉપા-
સના તથા ધ્યાન કરે છે તેને જનમ મરણનો ફેરો રહેતો નથી તેજ
આનંદમય ભગવતીના જ્ઞાનનો લાભ લઇને આનંદી થાય છે તે શોક
તથા પાપથી મુકત થાય છે માટે કૃપાળુ માતાજી ભગવતી વડે સર્વે
હૃદયની ગ્રંથીઓ છુટી જાય છે, અને તે અજરા અમર થાય છે. માટે
ઇશ્વરીની ઉપાસના કરવામા પ્રમાદ કે અનાદર કરવો નહિ. સર્વ જગ-
તમા આપજ કરતા છો હુ તમારે શરણે છુ.

લી. આપનો શરણાંગત.

ત્રીવેદી વસંતરાય મોહનલાલના

સાષ્ટાંગ દંડવત માન્ય કરશો.

श्रीगणेशायनमः



સ્તુતિ.

દોહરો.

વિઘ્ન હરણ મંગળ કરણ, જય જય જગપતિ દેવ.
રિધ સિધ સમરૂં સરસ્વતી, ઉમાપતિ મહાદેવ,
ગુણ ગાઓ બહુચર તણા, કૃપા કરો આ વાર,
સંકટ સર્વે દુર કરો, વાણી દ્યો વિશાળ. ૧

લાવણી.

નમું હાટકેશ્વર મહારાજ તમે સાચાછો માબાપ.
જુઠા સંસારના સંતાપ તેમા હું પડીયો.
માગું સદા તમારૂં ધ્યાન, ઘરમાં પ્રકાશો શુભ જ્ઞાન,
આપો ભક્તિ રસ પાન, આવી દ્વારે અડીયો. ૧
કર્યા કોટાનકોટી પાપ, જંપી જપ્યા નહિં જાપ,
ભજતાં ખાધી ભુલ થાપ. હવે લો શરણે.
નિત્યે કરીએ તમ સેવાય. કરૂણાકારક છો જગરાય,
લાગું પ્રેમ થકી પાય, નમી નમી ચરણે. ૨
વસો વડનગરને ઠાર, જગ્ત પ્રકાશીક ઓમકાર,
શુદ્ધ સ્વરૂપ તદાકાર, શીવ પ્યારા મ્હારા.
વિનવે વસંત મોહનરામ, મ્હારો વેડામાં મુકામ,
રાખો હૃદય મધ્યે હામ, નવ થશો ન્યારા. ૩

૪

લાવણી.

લાગું શંભુસુતને પાય, નમું સરસ્વતી માય,
તમને અરપી છે કાય, સેવક તારો.
ભાવે ભજું ભગવતી, સહાય કરો શીવ સતી,
ઉરધરો ને વિનતી; કર ગ્રહો માગો. ૧
મંમાયા મોરી માત, નમી જોડું બેહુ હાથ,
બહુચરીયાં મોરી માત, સહુ સંકટ હરો.
કદી નવ કરશો રીસ, તમ ખોળે મારૂં શીશ,
જનમોજનમના છો ઇશ, બળ બુદ્ધિ આપો. ૨
બીરદાળી બહુચર માત, નજરે નીરખ્યા મા સાક્ષાત,
અંબે રાખો મોરી લાજ, જાઉં બલીહારી.
પુરવદીશામાં છે મુખ, જોતાં થાએ અતિ સુખ,
કાપ્યાં દાસ તણાં દુઃખ, શોભા બહુ સારી. ૩
માનો ગુણવંતો છે ગોખ, સનમુખ શોભે ચાચર ચોક,
ગરબા ગાએ ત્યાંતો લોક, માને સનમુખ આવી.
ઓગણી પાસઠ કેરી સાલ, માણેકઠારી ગુરૂવાર,
નવચંડી કરી આ ઠાર, ઉર ઉમંગ લાવી. ૪
દીસો છો દેવી દાતાર, બાળા છો મુજ પ્રાણ આધાર,
વીનવું છું વારંવાર, હું શરણે આવી.
કરતાં સુમારગીને સાહ્ય, નીરખે ભવનાં પ્રાશ્ચિત જાય,
ગુણ ગાય વસંતરાય, ઘણો પ્રેમ લાવી. ૫

વસંતતિલકા.

શ્રી બહુચરી અકળેશ્વરી આદ્યદેવી,
અંબા અહો અભયદા ઉર માંહે સેવી;
હું દીન દાસ દીન પાલક શર્ણે આવી,
સાષ્ટાંગ માત ચરણે કરૂં પ્રેમ લાવી. ૧

શીખરીણી.

નમું હું સાષ્ટાંગે, બહુચર મા આપો શુભમતી,
વિમળ વાણી આપો, શરણુ મા આવું સરસ્વતી;
કરી કુરકુટ સ્વારી, ખડગ ત્રીશુલ પાશાંકુશ અતી,
ચઢો વ્હારે મારી, વિઘન સહુ હરો શીવસતી. ૧

દોહરો.

ઘટ ઘટમા મા વ્યાપ્ત છો, પુરણ થાય પ્રકાશ;
શ્રેષ્ટ વસ્તુથી પાર છો, બહુચર મા અવિનાશ. ૧
એવા શ્રેષ્ટ મહેષ ને, પ્રણમું વારંવાર;
વસત તારો વિનવે, કૃપા કરો આ વાર. ૨

ગીતિ વૃત.

માહેશ્વરી મહાલક્ષ્મી, જયં જય અંબે આરાસુરવાળી,
મમાયા મહાકાળી, બાળી બહુચર રૂપે બીરદાળી; ૧
ભગવતી ભવ સાગરથી, તરવા નથી માત શક્તિ મારી,
મલ્પમતી અવિચારી, નવ કરી શકું હું સ્તુતિ પુરી તારી. ૨

નારાચ છંદ.

ત્રીપુરેશ્વરી તુજ ગુણ ગણતાં, સર્વ સમ રૂપ છો તમે,
તમારી વિશ્વ મા સહાયતા થકી વસ્યા અમે.
અમરેશ્વરી અલબેલડી; સનખલ પુરી ભવ તારીણી.
વિશ્વેશ્વરી, વિખ્યાત છો, ગુણ સાગરી મદ હારીણી. ૧

સુર સકલને કારણે તેં, અસુર સર્વ વીડારીયા,
બીરદાળી બહુચરબાળી, શુભ નીશુભને તેં મારીયા,
પરમેશ્વરી સર્વોપરી, ભય ભંજની સુખદાયીની,
વિશ્વેશ્વરી વિખ્યાત છો, ગુણ સાગરી મદ હારની. ૨

પ્રભાત.

પ્રાત સમે સ્વેતાગીરી સમરૂં, બહુચર બાળા માને રે;
આખો દીન વીતે આનંદે, કલેશ કષ્ટ નવ આવે રે. પ્રાત ૧

એક ચીત્ત કરીને આદરવું, આદ્ય શક્તિ સત્ય જાણો રે;
જુઠી કાયા જુઠી માયા, જગત જુઠું પ્રમાણો રે. પ્રાત. ૨

સ્નાન પુજા ને સમરણ શેવા, જે જાતીમાં જેવુ રે;
વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે, ઉઠી પ્રભાતે કરી લેવું રે. પ્રાત. ૩

દીવસે વહેવારી ધંધામાં, શુભ આચરણ સુહાવો રે;
સત્યનો સાથ ન છોડો સજનો, જુઠ જરીએ ન લાવો રે. પ્રાત. ૪

સદાકાળ બહુચરને સમરો, નીદ્ર નીચીત ન આણો રે,
વસંત કહે ખોટ ખજાને આવે, ચુકે જો આ ટાણે રે. પ્રાત૦

રાગ પ્રભાત.

આ અવસર અંબા ભજવાનો, અન્ય ન જાણો એવો રે;
શાસ્ત્ર પુરાણે સહુ સમજાવે, વેદનો મત પણ તેવો રે. આ. ૧
નાના મોટા જીવ જગતના, ઉપજે ને અળપાએ રે;
નામ રૂપ ગુણ તેના સમરે, નયણે નીર ભરાએ રે. આ. ૨
લક્ષ ચોરાશી યોની કહાવે, ગણુતાં પાર ન આવ્યો રે;
તે ફરતાં જાય કાળ કેટલો, તેનો ત્રાસ ન લાવો રે. આ. ૩
કોઇ. સુકરીતથી કોઇક કાળે, મનુષ્ય દેહ મળે મોટી રે;
તે પામી ભૂલે તો ભટકે, ફરે ચોરાશી કોટી રે. આ ૪
અન્ય દેહથી મા ના ભજાએ, ચોરાશી નવ છુટે રે;
વસંત કહે આ અવસર મા ભજતાં, ભવના બંધન છૂટે રે. આ. ૫

રાગ પ્રભાત.

આદ્ય શક્તિ સચરાચર વ્યાપી, ભીન્ન તે ભ્રાતે ભાસે રે,
એક અનેક સ્વરૂપ છે તેના, જ્ઞાનવડે સમજાશે રે. આદ્ય. ૧
સાકર મીષ્ટતા જુઓ શોધી, પટ તતુ પ્રમાણે રે,
હીમ ને ઘાટ પાત્ર ને ધાતુ, જુગતે સરખાં જાણો રે આદ્ય ૨
જળ લહેરી વળી ઘટ માટી, દેખો એ દ્રષ્ટાંતે રે;
ભીન્ન ભીન્ન સરવેને ભાસે, એ નિજ મનની ભ્રાંતે રે. આદ્ય. ૩
કારણ કાર્ય જણાય જુદું, આકારની એ આંટી રે,
મહા મોટાને મોહ પમાડે, વસમી વિશ્વની ઘાંટી રે. આદ્ય. ૪
કારજ રહેશે નહિં કોઇ કાળે, કારણ તો નહિં જાએ રે,
વસંત કહે સમજણ ઉર આણો, અંબા સઘળે ઓળખાશે આદ્ય. ૫

આરતિ.

જય બહુચર બાળા જય બહુચર બાળા,
વિશ્વ સકળ મા વ્યાપી (૨) ભક્ત જન તાર્યા. જય જય બ. ૧
કરૂણાસિંધુ કૃપાળ, કૃતિયો નવ જોશો; કૃતિયો નવ જોશો
અલ્પ મતિ જીવોના, (૨) અતીષય છે દોષો. જય જય બ. ૨
આપ શક્તિ આનંદ, ત્રીભુવનમા વ્યાપી મા ત્રીભુવનમાં વ્યાપી;
સર્વજ્ઞાતર પામી (૨) સચરાચર ગામી. જય જય બ. ૩
સંકટ સમયે માત, આવોને વ્હારે મા આવોને વ્હારે;
ભય સર્વે સંહારો (૨) શરણે અમે તારે જય જય બ ૪
અંતર ભાવથી માત, કરૂં તારી સેવા મા કરૂ તારી સેવા,
દુરીત કૃતીઓ મારી (૨) ક્ષમા કરો દેવા. જય જય બ ૫
અભીનંદન હે અંબ કરૂં નીશદીન તમને મા કરૂ નીશદીન તમને;
કૃપા કરીને આપો (૨) મા સનમતી અમને. જય જય બ ૬
સદાચાર એ મુખ્ય છે, ભક્તિ તારી મા છે ભક્તિ તારી,
સદા તમારે ચરણે (૨) વ્રતી રહો મારી. જય જય બ. ૭
જગદીશ્વરી જગમાત, તાપ ત્રય હરશો મા તાપ ત્રય હરશો,
વસંત કહે કર જોડી (૨) સંકટ સહુ હરજો. જય જય બ. ૮

આરતિ બીજી.

જય જય મા અંબે જય કરૂણા સિંધુ મા જય કરૂણા સિંધુ,
કર જોડી મા ત્હારે (૨) ચરણે નિત વંદુ. જયો જયો મા જુ. ૧
બહુચર બાળા રૂપ, મુક્તિતણી દાતા મા મુક્તિતણી દાતા,
વ્યાપી રહ્યાં સત્તાથી (૨) મા સવિતા ધાતા. જયો જયો મા જુ. ૨

પ્રાત સમે પરમેશ્વરી મા પદને વંદુ મા મા પદને વંદુ;
સત કર્મો કરવાનો (૨) વિધિ હું આરંભુ. જયો જયો મા જુ. ૩
સાયંકાળે માહેશ્વરી સકળ ક્રીયા મારી સકળ ક્રીયા મારી;
તુજ ચરણે અરપીને (૨) માગું કૃપા તારી. જયો જયો મા જુ. ૪
આદ્ય શક્તિ સર્વેશ, સુખ શાંતી આપો મા સુખ શાંતી આપો,
કૃપા કરી કરૂણા નીધી (૨) કષ્ટ સકળ કાપો. જયો જયો મા જુ. ૫
કીધા અતિ ઉપકાર, વળી નિત્યે કરશો મા વળી નિત્યે કરશો;
દોષ દયાળી મ્હારા (૨) ચીતમાં નવ ધરશો. જયો જયો મા જુ. ૬
અવલંબન આધાર સત્ય છે મા તારો મા સત્ય છે મા તારો;
શરણાગત સેવકને (૨) ભવથકી ઉદ્ધારો જયો જયો મા જુ. ૭
અભીનંદન કરી માત ધ્યાન હૃદય ધરીએ મા ધ્યાન હૃદય ધરીએ;
કહે વસંત કર જોડી (૨) શરણ ત્હારે રહીએ. જયો જયો મા. ૮

શાર્દુલ વીક્રીડીત.

શ્રી અંબા બાળા ત્રીપુરેશ્વરી, વિશ્વાંભરી વાઘેશ્વરી;
બ્રહ્માણી રૂદ્રાણી કાળી, કમળાક્ષી કરૂણા કરી;
તું છે આ ભવ તારણી, નામું ચરણે જુગદીશ્વરી;
શ્વેતાળ ગીરી વસીને, લોભાવી ઈંદ્રાપુરી. ૧

સાષ્ટાંગે નમીને પ્રણામ કરીએ, માજી સર્વોપરી સદા,
અખીલેશ્વરી વીદીત સર્વ તમને, જીવો તણી કામના;
દોષો છે અગણીત શી ગતી થશે, અંતે અમારી કહું,
રાખીએ કરૂણા દયા તુજતણી, આશા તો અમને બહુ. ૨

ભગવતી ભવ જલ પાર ઉતારશો, વિશ્વાસ રાખું સદા,
દીન દયાળી સર્વ દૂર કરશો, દાળીદ્ર દુઃખ આપદા;
ત્રાતા છો મા આપ સર્વ જીવના શરણે સદા રાખશો;
વસંત કહે કર જોડીને મા, રૂડી મતી આપશો. ૩

રાગ પ્રભાત. છંદ ઝુલણા.

ઉઠી પ્રભાત મા સમરો સનખલપુરી, પ્રેમ ભક્તિથકી પાય લાગો;
દુરમતી ટાળી મા સનમતી આપશો, એજ વરદાન ભગવતી આપો.
દ્વાર તમારે મા આવી વિનતી કરૂં, નવ કદી ચરણુથી વિમુખ કરશો,
અકળ છો અંબીકા આદ્ય હે બહુચરી, આવેલા વિઘ્ન સહુ દુર કરશો.
વાસ વસી રહ્યા ચાૈદ ભુવનવિષે, વિકટ મા કામ તેં બહુજ કીધાં.
દેવના દુઃખ દાળીદ્ર તેં દુર કર્યા, દાનવો દુષ્ટોનાં રૂધીર પીધા
મહિષાસુર ને રક્તબીજ રણ રોળીયો, મધુકૈટભ મા પ્રથમ માર્યો,
ધુમ્રલોચન વળી શુભ નીશુભને, ચીપટીએ ચડને મુડ ચોળ્યો.
સત્ય સાક્ષી તમો શક્તિ સર્વોપરી, સર્વદા ક્ષેમ કલ્યાણ દાતા,
પરમ કરૂણા કરી પ્રાણી માત્રોતણા, ચીતને દો તમે શાતી દાતા
અલ્પ મતિહું છું માજી સ્તવન તે શુ કરૂ, નમ્ર ભાવે તને નિત્ય વંદુ,
નાગર બાળક કર જોડીને વીનવે, સદગતી આપશો કૃપાસિંધુ.

ગરબી સાત વારની.

આદીતે આનંદમા હુ રહું છું રે,
આ બહુચર માના ગુણ ચીતમાં ચહું છું રે ૧
સોમે પામ્યા સુખ માજી મળીયા રે,
આ જનમ મરણ સંતાપ સરવે ટળીયા રે. ૨

મંગળે મા ચંદ્ર વદન સુખ કારી રે;
કર લીધાં ખડગ કટાર કુરકુટ સ્વારી રે. ૩
બુધ આવ્યો શુદ્ધ જોવા જઈએ રે,
નીરખીને બાળ સ્વરૂપ સુખીયાં થઇએ રે. ૪
મા બ્રહસ્પતી ગુરૂ પ્રતાપ શોભા સારી રે,
મા અકળ સ્વરૂપે માત દીસો ભટકાળી રે. ૫
મા શુક્રવારે સંદેશો સહુને કહાવ્યો રે,
આવ્યા નવરાત્રીના દીન રમવા આવો રે. ૬
મા શનીવારે સંતાપ સૌના શમતા રે,
આ લેતાં તાળી હાથ રંગભેર રમતાં રે. ૭
સાત વાર જે ગાય નર ને નારી રે,
વસંત કહે કર જોડી જાઉં બલહારી રે. ૮

ગરબી બીજી.

સમી સંધ્યાએ પાણી સંચર્યા.—એ રાગ.

આદીતે અલબેલડી સ્વેતાચળવાળી હાંહાંરે સ્વેતાચળવાળી.
ગુણ ગાઉં હું તાહરો બહુચર બીરદાળી;
હાં હાં. રે બહુચર બીરદાળી. ૧
સોમે રહી સનમુખ માર્યા શુભ નીશુંભે,
હા હાં રે માર્યા શુભ નીશુભે.
રક્તબીજ રણ રોળીયો ચુવાળને ચોકે;
હાં હાં રે ચુંવાળને ચોકે. ૨

મંગળે મુજ માવડી મહીષાસુર મારી,
હાં હાં રે મહીષાસુર મારી.
અમર સહુ ઉગારીયા ત્રીશુળ કર ધારી;
હાં હાં રે ત્રીશુળ કરધારી. ૩
બુધે બાળ સ્વરૂપ છો મા દીઠી બાળી,
હાં હાં રે મા દીઠી બાળી.
સજી સોળ શણગાર પ્હેરી જરકસી સાડી,
હાં હાં રે મા જરકસી સાડી. ૪
ગુરૂવારે શોભાય માજી નીરખી તારી,
હા હાં રે મા નીરખી તારી.
અકળ સ્વરૂપ ત્રીપુરેશ્વરી કરી કુર કુટ સ્વારી,
હાં હા રે કરી કુર કુટ સ્વારી. ૫
શુક્રવારે સાધ કરો મા સનમુખ રહીને,
હાં હા રે મા સનમુખ રહીને.
પાપ કાપ શીર હાથ ધરો મા દરશન દઇને,
હા હાં રે મા દરશન દઇને. ૬
શનીવારે સંતાપ માજી તનના હરજો.
હાં હા રે માજી તનના હરજો.
પાપ સર્વ પ્રજાળીને મા રક્ષણ કરજો,
હાં હાં રે મા રક્ષણ કરજો. ૭
સાત વાર ગુણ ત્હારા ગાએ મા સુખીઆ થાએ,
હાં હાં રે મા સુખીઆં થાએ.

કરજોડી વસંત કહે મા લાગુ પાએ,
હાં હાં રે મા લાગું પાએ. ૮

ગરબી.

દેવારે દાતા અલબેલી અંબા એ રાગ

નમુ રે દેવી બહુચર અલબેલી,
નીરખાં છબી આનંદની હેલી. નમું રે. ૧
મહીષ મારી જગમાં જસ લીધા,
ચંડ મુંડ ચુરણુ તે કીધા,
અમર સહુ ઉગારી લીધા. નમુ રે. ૨
મા મૃગ પર કીધી છે સ્વારી,
વલ્લભ આદી ભકતોને તારી,
દુષ્ટ સરવે નાખ્યા છે મ્હારી. નમું રે ૩
મા ઝગમગ જોત દીસે તારી,
નીરખી છબી જાઉં મા વારી,
આંગી અંગે દીસે અતિ સારી નમું રે ૪
અમરેશ્વરી અકળ સ્વરૂપ તારૂં,
જેના પર કોટી રતી વારૂં,
બાળા નીરખી મોહ્યું મન મારૂ. નમું રે. ૫
મા ઘટ ઘટ વ્યાપ્યાં વીક્ષાતા,
રિદ્ધિ સિદ્ધિ મુક્તિતણી દાતા,
વસંતરાયને આપો સુખ શાતા. નમું રે. ૬

૧૪

ધનાશ્રી.

મયાળી મૈયા સંકટ સર્વ હરો,
સકટ સર્વ હરો મયાળી મૈયા સંકટ સર્વ હરો.
મહિષાસુરનુ મર્દન કરીચુ, ચડને ચુરણુ કર્યો. મયાળી.
શુંભ નીશુંભને સનમુખ હણીયા, રક્તબીજ રણુમા હર્યો. મયાળી
ઘણુા દૈત્યોને મા તે સંહાર્યા, દેવને સુખી કરે. મયાળી
માન સરોવર મહાત્મ મોટું, મેરીનો મર્દ કર્યો. મયાળી
ગોખ ગુણુવંતે આપ બીરાજો, તુજ પાશાનો પ્રતાપ ખરો. મયાળી
વહાલ ધરી યદુ વલ્લભ તાર્યા, માર્કંડ અમર કર્યો. મયાળી.
દાસ વસંતને સ્હાય કરો મા, તાપ ત્રીવીધ હરો. મયાળી

રાગ પીલુ.

ગરબી.

આદ્ય શક્તિરે બાળા દીન દયાળી, કરો મહેર તમે મહાકાળી,
દીનબંધુરે દીસો દીવ્ય રૂપાળી, ભુવનેશ્વરી ભવ ભય ટાળી,
સજ્યા શણુગારરે મોતીની દામણી ચળકે, કાને કુડળ એરીંગ ચળકે,
ઝુલ— હીરા રત્ન જડીત્ર ઉર હાર રે,
માને વાંકડે રત્ન જડાવ રે,
કર કંકણુ ચુડીલો રસાળ રે.
વીંટી હીરાનીરે દસે આંગળીએ રૂપાળી, કરો મહેર તમે મહા. ૧
માર્યો મહીષનેરે આપ્યું અમરને રાજ, કર્યાં સુર સકળનાં કાજ,
ચંડમુંડનેરે ચુરણુ કર્યા મા પોતે, રકત રોળ્યો સકળ સુર જોતે;

ઝુલ— નીરખું ચંદ્ર વદન સુખકારી રે,
પ્હેરી હીરા રત્નની વાળી રે,
શોભે જરકશી સુદીર સાડી રે;
સજી બેઠારે ચરણુ ચોળી રસાળી, કરો મહેર તમે મહા. ૨
જગ જનુનીરે માયા તારી પ્રસારી, ત્રીગુણાત્મક ત્રીશુળ ધારી;
આવુ દરશનરે વીનતી કરૂ કર જોડી, માજી છે મતી મુજમાં થોડી,
ઝુલ— માજી સંકટ સર્વે કાપો રે,
માજી અવિચળ પદવી આપો રે,
વસતરામ પોતાનો કરી સ્થાપો રે,
મા ત્રીપુરારે તારી ઘણી બલીહારી, કરો મહેર તમે મહાકાળી. ૩

કુંજબીરારીના નાટકનો રાગ.

ગરબી.

અબા નીરખી આનંગ, મળી ચોસેઠ સગ,
રમે ચાચર રગ, બાળા બીરાજે આનદમા.
મુખ મલકે, મુગટ ઝળકે,
એરીંગ ચળકે, લીલમ લળકે;
અબા નીરખી આનદ અગ, મળી ચોસેઠ સંગ;
રમે ચાચર રંગ, બાબા બીરાજે આનંદમા. ૧

સાખી,

બાળા બેઠાં છે સનમુખ ગોખમાં.
રંગે રમે છે ચાચર ચોકમાં,

સુર જોવા આવ્યા છે ઘણુા શોખમાં,
જય જયકાર કર્યો ત્રીલોકમાં,
અંબા નીરખી આનંદ અંગ, મળી ચોસેઠ સંગ,
રમે ચાચર રંગ, બાળા બીરાજે આનંદમાં. ૨

સાખી.

આવ્યાં અંબા ઈશ્વરી, સરખા સરખી જોડ,
ગરબે ફરતી ગાય છે, પ્હોંચે મનના કોડ,
અંબા નીરખી આનંદ અંગ, મળી ચોસેઠ સગ,
રમે ચાચર રંગ, બાળા બીરાજે આનંદમા ૩

મુખ મલકે, મુગટ ઝળકે,
એરીંગ ચળકે, લીલમ લળકે,
અંબા નીરખી આનંદ અંગ, મસી ચોસઠ સગ,
રમે ચાચર રંગ, બાળા બીરાજે આનંદમા. ૩

સાખી.

શ્વેતા ચળથી આવીયાં, વસ્યાં ચોક ચુંવાળ,
બાળા મ્હારે આદ્ય છો, લો સેવક સંભાળ,
અંબા નીરખી આનદ અંગ, મળી ચોસઠ સંગ,
રમે ચાચર રંગ, બાળા બીરાજે આનંદમા.

મુખ મલકે, મુગટ ઝળકે,
એરીંગ ચળકે, લીલમ લળકે;
અંબા નીરખી આનંદ અંગ, મળી ચોસઠ સંગ,
રમે ચાચર રગ, બાળા બીરાજે આનંદમાં. ૪

સાખી.

સાચાં જુગ મા માત છો, દુનીયા આળ પંપાળ,
વિજય કરો મા વિશ્વમા, વિનવે વસંતરામ.
અંબા નીરખી આનંદ અગ, મળી ચોસઠ સંગ,
રમે ચાચર રંગ. બાળા બીરાજે આનંદમા. ૫

ગરબી.

શુ નટવર વસત થૈ થૈ નાચી રહ્યો, એ રાગ
ચાલો ચાલો જઇએ બહુચર માને દરબાર,
માને દરબાર સહુ થાઓ તૈયાર. ચાલો ચાલો જઇએ. ૧

સાખી.

બેઠાં સનમુખ ગોખ મા, દીસે જાગતી જોત;
અગે આંગી ચળકતી, કોટી સૂર્ય ઉદ્યોત,
અલબેલી અંબે માત, બહુચર બાળીરે,
છો શરણાંગત પ્રતીપાળ, દીન દયાળીરે ૨

સાખી.

જુગદંબા જગદીશ્વરી, શરણે આવ્યો હું આજ;
આનદ અધીકો આપીને, રાખો ભકતની લાજ.
શ્વેત ગીરીથી આવ્યાં ચુંવાળ મા,
ખણુ ત્રીશુળ કરધારી કટાર,
ધારી કટાર થયાં કુરકુટે સ્વાર. ચાલો ચાલો જઇએ. ૩

સાખી.

ચન્દ્ર વદન ચળકી રહ્યુ, બાળા છો અકળીત,
જગત જનુની માવડી, વસંત વીનવે નીત.
આજી અલબેલી આનંદ દાતા દયાળ,
દાતા દયાળા ભકત પ્રતિપાળ. ચાલો ચાલો જઇએ. ૬
માને દરબાર સહુ થાઓ તૈયાર. ચાલો ચાલો જઇએ.

રાગ માઢ.

જય આનંદ દાતા કર સુખ શાતા અલબેલી અંબે માત,
હરો ભય ભય ત્રાતા, અકળ અજાતા, કરસુખ શાતા અલ૦ ૧
ઇન્દ્ર આવી તારી ઓળગ કરે છે, વિષ્નુ વીધી ગુણ ગાય,
નારદ આવી નૃત્ય કરે છે, ગાન્ધર્વ ઉભા ગાયરે,
સૃષ્ટિ તણી સુખદાતા હરીહર ધ્યાતા કર સુખ શાતા.
અલબેલી અંબે હરો ભવ ભય ત્રાતા૦ ૨
મોટા મોટા મુની ભુપ નમે છે, પૃથ્વી લાગે પાય,
શીવ સનકાદીક સેવીયાંરે, અમર ગુણ બહુ ગાયરે.
દીસો શાંતી સુખદાતા વિશ્વે વિખ્યાતા કર સુખ શાતા.
અલબેલી૦ હરો ભવ ભય ત્રાતા૦ ૩
ક્યારે મળશે મૈયા દર્શન મુજને, આપ છો સુખ આનંદ,
તુજ નીરખ્યા વીણુ એક દીન જાએ, મુજ મન રહે છે ઉદાસરે,
વસંત ગુણ ગાતા બહુચર માતા કર સુખ શાતા અલબેલી૦
હરો ભવ ભય ત્રાતા૦ ૪

ગરબી.

પુનેમ ચાંદની—એ રાગ.

બહુચર અલબેલી દીસો છો આજે રંગમા રે,
માનુ મુખડું જાણે શરદ પુનેમનો ચંદ્ર,
ચોસઠ જોગણી અજાઈ માને સંગમાં રે,
માને મુસ્તકે વાડી ભરી વિશાળ,
નીરખો નેહ ધરી સનખલપુરવાળી બહુચરા રે. ૧

સાખી.

ભવમાં ભોળી ભગવતી, શરણાંગત સુખ આપ;
મારી મહિષાસુરને, આપ્યુ અમરને રાજ,
માને ચળકે ચાક ચુદીર હિમના રે,
કાને એરીંગમાં ચળકે હીરા જ્યોત;
નીરખો નેહ ધરી સનખલપુરવાળી બહુચરા રે ૨

સાખી.

રક્ત બીજ રણ રોળીયો, ચુંડને કરીયો ચુર,
શુભ નીશુભને મારીયા, હણીયા ભારે ભૂર.
વાળી મુક્તાની પ્હેરી તે વચ્ચે લાલશી રે,
મુસ્તક મુગટ બીરાજે અમુલ્ય. નીરખો નેહ ધરી૦ ૩

સાખી.

કોટી સૂર્ય કુંદનતણા, જાણે પ્રગટયા આજ;
તેવાં દીસો તેજમાં, રાજ રાજેશ્વરી માત.
માએ શણગાર સજ્યા સોળે અગશું રે,
હીરા રત્નથી જડીત્ર ઉર હાર. નીરખો નેહ ધરી૦ ૪

સાખી.

આદ્ય અનાદ્ય મા ઇશ્વરી, જાણે જ્યોતી સ્વરૂપ,
કાળી તુળજા બહુચરી, અંબા એક સ્વરૂપ.

બાંહે બાજુબંધ વાંકે રત્ન જડાવ છે રે,
કરમાં કંકણુ ચુડીલો ચળકે સાર. નીરખો નેહ ધરી૦ ૫

સાખી.

નીરખી મુખ માજી તણું, ચકીત થયો હું આજ,
બ્હાનાની પત રાખશો, એ છે ઉરમા આશ,

માએ ઝાંઝર પ્હેર્યાં તે પ્રીયે પ્રીતશુ રે,
ચાલે હંસ તણી ચાલે બહુચર માત. નીરખે નેહ ધરી૦૬

સાખી.

વાજીંત્રો વાગે ઘણા, નીત નીત થાએ નાદ,
ચોઘડીયાં મા ઘરઘડે, શરણાઈઓ મા સાદ.

ગરબી.

દેવીરે દાતા અલબેલી અંબા એ રાગ.

દેવીરે દાતા બહુચર બીરદાળી,
નમુંરે આવી સ્વેતાચળ વાળી, દેવીરે દાતા૦ ૧
મા પડવે તો પુર્ણાનંદ પ્રીતે;
વિધી વિષ્નુ સ્તવન કરે નીતે,
અમર સહુ ધ્યાન ધરે ચીતે. દેવીરે દાતા૦ ૨
મા બીજે તો બાળા રૂપ તારૂં,
જેના પર કોટી રતી વારૂં;
નીરખી મન મુદીત થયું મારૂં. દેવીરે દાતા૦ ૩

અસૂરોના મુસ્તકો કાપો,
મા ત્રીજે તો તત્વ રૂપે વ્યાપો;
ભકતોના દુઃખ સંકટ ભાગો૦ દેવીરે દાતા૦ ૪
મા ચોથે તો ચીત ચરણે મારૂં,
છેલ છબી મન મા હું ધારૂં;
માજીને પલકે ન વીસારૂં. દેવીરે દાતા૦ ૫
મા પાંચેમે પરમેશ્વરી તારો,
પ્રીતે આવી પુજે મા પારો;
દાસને દીન ગણી ઉગારો. દેવીરે દાતા૦ ૬
મા છઠે છબીલી તું છેલી,
નીરખી માજી આનંદની હેલી;
અમર સહુ પુજે છે પ્હેલી૦ દેવીરે દાતા૦ ૭
મા સાતેમે સાહેલી સંગે,
આવ્યાં છે અંબા આનંદે;
રમે માજી ચાચર મા રંગે૦ દેવીરે દાતા૦ ૮
મા આઠેમે અકળ સ્વરૂપ તારૂ,
હ્રદય વિષે ધ્યાન નીત્યે ધારૂ;
નેત્ર ભરી બહુચર ને ન્યાળું. દેવીરે દાતા૦ ૯
મા નોમે તો નારાયણી ભાળી,
શુંભ નીશુંભ રહ્યા છે હારી;
ધરા થકી દુષ્ટ નાખ્યા મારી. દેવીરે દાતા૦ ૧૦

મા દસેમે દયાળી છો દાતા,
વલ્લભ આદે તારા ગુણ ગાતા,
સેવકને આપો સુખ શાતા. દેવીરે દાતા૦ ૧૧
એકાદશી એકે મને ભજીએ,
અરજી મ્હારી બહુચરને કહીએ;
માજી તારે ચરણે આવી નમીએ. દેવીરે દાતા૦ ૧૨
મા બારસે માન સરોવર નાએ,
ચાચર આવી ગરબો જે ગાએ;
ભવ સાગર સ્હેજે તરી જાએ. દેવીરે દાતા૦ ૧૩
મા તેરસે ત્રીપુરાને ન્યાળી,
ચંદ્ર મુખ નીરખ્યું સુખકારી,
માને પારે નીત નીત દીવાળી. દેવીરે દાતા૦ ૧૪
મા ચૌદસે ચામુંડા દેવી,
વીધી વીષ્નુ સુર સકળ સેવી,
નારાયણી નથી જેવી તેવી. દેવીરે દાતા૦ ૧૫
મા પુનેમે પ્રગટ થયા પોતે,
દીસો છો જગ મગતી જોતે,
કૃપા જળથી મનડું ધોતે૦ દેવીરે દાતા૦ ૧૬
પદર તીથી પ્રેમ ધરી ગાશે,
વસે જઇ શ્વેત ગીરી વાસે,
કર જોડી કહે વસંત તુજ આશે. દેવીરે દાતા૦૧૭

ગરબી.

શરદ કાન્તા નાટકના ગરબાનો રાગ.

સુંદીર શોભા કહી નવ જાય શ્રી બહુચર માતની હો માત.
રમવા આવીયાં હો માત,
રમતાં નીત નીત નવલે રંગ સકળ નવરાતમાં હો માત.
રમવા આવીયાં હો માત.
સર્વે સાહેલી મળીને ચોસઠ સાથમાં હો માત.
રમવા આવીયાં હો માત.
અબે કાળી બહુચર ખડગ ત્રીશુળ ગ્રહી હાથમાં હો માત.
રમવા આવીયાં હો માત. ૧

સાખી.

પ્રીતે માત પધારીયાં, ગરબે રમવા કાજ,
શોભા શી હુ વરણું, ત્રણુ લોકની માંહ્ય.

ગરબે ગાવા માજી ચાચર પ્રગટયો ચોકમાં હો માત,
રમવા આવીયાં હો માત.
પહેરી આભ્રણ અનુપમ બેઠા માજી ગોખમા હો માત,
રમવા આવીયાં હો માત, ૨

સાખી.

અંબા ત્રીપુરા નામ છે, જુગ જાહેર જુગ માત,
વિષ્નુ વીધીને શીવ પણ, જપે તમારો જાપ,

અર્ધ ચંદ્રાકાર કપાળે આડ છે હો માત,
રમવા આવીયાં હો માત.

નાકે વેસર મોતીને હીરા હાર છે હો માત,
રમવા આવીયાં હો માત 3

સાખી.

આદ્ય શકિત ત્રીલોકમાં, માજી તારો વાસ,
આરાસુરને ઇશ્વરી, પુરો મનની આશ,
રમતા જમતાં માજી નવરાત્રીના દીનમાં હો માત,
રમવા આવીયા હો માત.
વિજયા દશમીએ મા સર્વેને વળાવતાં હો માત,
રમવા આવીયાં હો માત. ૪

સાખી.

અલબેલી આરાસુરી, રચીયો તે સંસાર,
સખીઓ સાથે સંચર્યાં, રમવાને નવરાત,
મ્હેર કરો મતબાલી મૈયા માત મહેશ્વરી હો માત,
રમવા આવીયા હો માત.
સેવક શરણે આવ્યો સાહ્ય કરો કરૂણા કરી હો માત,
રમવા આવીયા હો માત.

વસંત તિલકા.

જય બહુચરા અકળ જયોતી સ્વરૂપ,
છો આદી અંત રહીત ગુણ અનુપ,
અવની સ્થળે વસી રહ્યા વીભુ સર્વ ઠામ,
શ્રી બાળા ભવાનીને કરીએ પ્રણામ. ૧

ત્રીલોકમાં વસી રહ્યાં જયદા ભવાની;
ઉત્પતી સ્થીતી લય કારણુ છો કૃપાળી,
ભગવતી રૂપે ભય હરો ભવના તમામ
શ્રી બાળા ભવાનીને કરીએ પ્રણામ. ૨

મારી મહીષ મદ કામ વીકાર નાસી,
ધારી સુવેષ સતી ધર્મ પરા પ્રકાશી;
માર્યા અસુર પદ પામી પળ્યા સ્વધામ,
શ્રી બાળા ભવાનીને કરીએ પ્રણામ. ૩

દુર્ગા દયાળી પદ તારક નાવ જાણી,
શબ્દાત્મીકા સ્થીતી સરસ્વતીમા સમાણી,
આરાધના અમર આદી કરે સકામ,
શ્રી બાળા ભવાનીને કરીએ પ્રણામ. ૪

સંધ્યા સમુહ પદ ભુતળ ભવ્ય ભક્તિ,
શાંતી સ્વયંભુ સુખ સાધન શક્તિ મુક્તિ,
સ્વાહા સ્વધા સગુણ સત્ય છતા અકામ,
શ્રી બાળા ભવાનીને કરીએ પ્રણામ. ૫

તારી લીલા લલીતનો નવ પાર પામ્યા,
હારી ગયા નીગમ નેતી વદી વીરામ્યા,
કર જોડી વીનતી કરે વસંત તારૂં સ્તવે નામ,
શ્રી બાળા ભવનીને કરીએ પ્રણામ. ૬

ત્રોટક છંદ.

પ્રીય માત કરૂં પ્રણામ વીનતી
પરી ત્યાગ કરો ચીત ચીન્તનથી,
પ્રગટો પરીપુર્ણ પ્રતાપ ખરો,
બહુચર મા વીનતી ઉર ધરો. ૧

ભુમી મંડળ સુંદીર શોભી રહ્યુ,
તુજ શક્તિ થકી ભરપુર ભર્યું,
સચરાચર સૃષ્ટિ વિષે પ્રસરો,
બહુચર મા વીનતી ઉર ધરો ૨

શુભ મંગળ નામ મુખથી જપું,
નીજ કર્મ બધાં તમને અરપું;
મુજ ચીત્ત વિષે મા ભક્તિ ઠરો,
બહુચર મા વિનતી ઉર ધરો ૩

આદ્ય શક્તિ પદે અભીલાષ ધરૂં,
ભવ સાગર માત કૃપાથી તરૂ,
શરણાંગત જાણી ગ્રહોજ કરો,
બહુચર મા વીનતી ઉર ધરો ૪

અપરાધ અગાધ હુ નીત્ય કરૂં,
મા તારી કૃપા થકી માત્ર તરૂ,
વસતના તાપ સમસ્ત હરો,
બહુચર મા વીનતી ઉર ધરો. ૫

માલીની વ્રત.

ત્રીપુરેશ્વરી આ લોકે, સુર સકળે જ સેવી,
સરદ વદન શોભા દીસતી દીવ્ય દેવી,
પ્રબળ પતન કીધાં સિંહ સ્વારી કરીને,
સકળ દનુજ નાઠા માતનો ભય ધરીને. ૧
અજર અમર પોતે, છો આનંદમય સર્વ,
ઋષિ મુનીજન સર્વે, છોડી દીધોજ ગર્વ,
અતિશય સુખકારી ભક્તિ આપો તમારી,
સતત્ શુભ ગુણો મા વૃત્તિ રાખો હમારી. ૨
હરખ મન ધરીને હેતથી આદરીને,
નમું નમું નમું નીત્યે, હું અમરેશ્વરીને.
નીશદીન નમી માગું, સુખ ને શાંતી આપો,
દીન વસંત તણા સહુ કષ્ટ હે માત કાપો ૩

રીસાયાં રસીક સગાથે રાધા—એ રાગ.

ગરબી.

અલબેલી અંબા શરણુ તમારે હું આવ્યો,
જનુની જાણી નહીં વ્યર્થ ખોયો જનમારો. અલબેલી૦ ૧
જાગીને જોતે જનમારો વહી જાય,
શક્તિ વીના અવર કરે કોણ સાહ્ય અલબેલી૦ ૨
ભુલ્યો રે ભુંડા લક્ષ ચોરાશી વગોવી,
મળ્યો રે દેહ અમુલખ એળે ખોઇ,
અંતે રે નહિ સંગી એ માનુ કોઈ. ૩

ગયોરે દુઃખ જન્મ સમયનુ ભુલી,
બાધીરે મુઠી જનમ્યા પછી થઈ ખુલી,
પડયો રે મોહ માયાના ફંદમાં પુલી. અલબેલી૦ ૪
મળ્યું રે તુને કારમું કુટુંબ હુલાવે,
રમેરે જમે માત પીતા મન ભાવે;
આશા એતો સ્નેહ ઝાઝો બતલાવે. અલબેલી૦ ૫
જોબન જર જોર ઘણેરૂરે વ્યાપ્યું,
વિષય રસ રંગ ત્રીયા મન રાચ્યું,
તૃપ્ત કીધી ઈંદ્રી અનોપમ ખાધું. અલબેલી૦ ૬
કોટી ધન મેળવ્યુ ત્રષ્ના નવ જાય,
કરે બહુ સચીત અધીક કહેવાય;
લોભીરે થઇ ધંધા વિષે ઘણું ધાય૦ અલબેલી૦૭
એતો સુખ સ્વપ્ના સરીખું રે કાવે,
જાગ્રત થયે નજર વિષે નવ આવે;
કોટીરે થયા જનમ તું એળે ગુમાવે. અલબેલી૦ ૮
આવ્યો રે અંત એમાં નથી કોઇ તારૂં,
મળ્યું રે સહુ કરમ સંયોગે ખાનારૂ,
વારે વારે મન તુજને હું વારૂં. અલબેલી૦ ૯
પડી રહેશે જે જેમ તે તેમ ત્યારે,
સંગી થાશે પાપ પુન્ય બે જ્યારે;
પડે રે શીર ઉપર વારો વારે. અલબેલી૦ ૧૦

એવુ રે જાણી શક્તિ તણા ગુણ ગાય,
રટેરે વસંતરાય સદા સુખી થાય,
હવેરે નથી અવર તરવાનો ઉપાય. અલબેલી૦ ૧૧

રાગ ખમાચ.

નમુ નમુરે બહુચર બીરદાળી,
મા ઝગમગ જોત દીસે તારી રે. નમુ નમુરે૦ ૧
સનખલ પુર મા આપ બીરાજો,
કુર કુટ ઉપર કરી સ્વારીરે નમુ નમુરે૦ ૨
કોટી સુરજ સમ મુખડું ચળકે
સોળ સજ્યા નાકે વાળીરે. નમુ નમુરે૦ ૩
હૈયે હાર ગુલાબી શોભે,
કાન્તી દીસે વિદ્યુત તારીરે નમુ નમુરે૦ ૪
દાનવ દળનો મદ ઉતાર્યો,
ચુવાળ મા બેઠી બાળીરે. નમુ નમુરે૦ ૪
ભવ તારણ છો માત ભવાની,
ગહન ગતી દીસે તારીરે. નમુ નમુરે૦ ૫
વસંત તમારો અરજ કરે છે,
વીનતી લો ઉર મા ધારીરે. નમુ નમુરે૦ ૭

રાગ બનઝારો.

અલબેલી અંબા .મ્હારી,
હું શરણે આવ્યો તમારી. અલબેલી૦ ૧

મસ્તક પર મણી મુગટ ઝળકે,
કાને કુંડળ એરીંગ ચળકે;
માનુ ચંદ્રવદન સુખકારી. અલબેલી૦ ૨

ઝગમગતી જ્યોત તમારી,
કર લીધાં ખડગ કટારી;
કરી સીંહની ઉપર સ્વારી. અલબેલી૦ ૩

અલબેલી અંતરયામી,
ગાયત્રી ગરૂડા ગામી;
તમ ચરણ શરણ સુખકારી. અલબેલી૦ ૪

સર્વેશ્વરી સગુણા શાણી,
જગ જનની જુગમા જાણી,
કરે સ્મરણ સદા ત્રીપુરારી. અલબેલી૦ ૫

દુ ખ હરણી દીન દયાળી,
ભોળી ભવ પાપ પ્રજાળી,
વસત છે શરણે તમારી અલબેલી૦ ૬

પદ રાગ મ્હોરમનો.

હો માત માતરે બહુચર અંબે દયાળી.
તારા સેવકને લે સંભાળી. હો માત માતરે૦ ૧

હાંરે જગત જપે છે જાપ તમારો,
આવી પૂજે છે પ્રીતે પારો.
માજી નોધારા નો છો આધારો; હો માત માતરે૦ ૨

મહિષ આદે સરવને તેં માર્યા,
શુભ નીશુંભ સઘળા વીડાર્યા.
અમર ઈંદ્ર કર્યા સુખીયારા; હો માત માતરે૦ ૩
હારે સિંહ ઉપર કરી છે સ્વારી,
કર લીધા છે ત્રીશુળ કટારી.
રતી લાજ ન છબી રઢીયાળી, હો માત માતરે૦ ૪
માનુ ચંદ્ર વદન સુખકારી,
ત્રીપુરા તનમનથી ન્યાળી.
માજી સર્વ શત્રુને સંહારી, હો માત માત૦ ૫
માજી જાગતી જ્યોત જણાએ,
આવ્યો શરણે સંકટ સહુ જાએ
વસંત લળી લળી લાગે તુને પાએ હો માત માતરે૦ ૬

રાગ પીલુ.

અલબેલીરે અંબે આનંદ દાતા,
નમુ તમને હુ બહુચર માતા,
મહા લક્ષ્મીરે આદ્ય સ્વરૂપ અજાતા,
કર સેવકને સુખ શાતા

ઝુલ.

તારી અકળકળા ન કળાણીરે,
સર્વેશ્વરી સગુણા શાણીરે,
સુર લોકે તમને વખાણીરે.

વિધિ વિષ્નુરે હરીહર તુજને ન્હાતા,
નમુ તમ્રને હું બહુચર માતા, ૧
કમળાક્ષીરે કાળી માત કૃપાળી,
છો કૃષ્ણ વરણ કલ્યાણી.
આદ્ય શક્તિરે ધારી ત્રીશુળ પાણી,
ગોખ મધ્યે બીરાજો રાણી,

ઝુલ.

સુર સકળ સ્તવે જોડી પાણીરે,
નેતી નેતી નીગમ વદે વાણીરે.
નિર્ગુણમય નીર નીરાળીરે,
મા ત્રીપુરારે સૃષ્ટી તણી સુખદાતા,
નમુ તમને હુ બહુચર માતા. ૨
જગ જનનીરે ઝગમગ જ્યોત તમારી,
કરી કુરકુટ ઉપર સ્વારી,
કર લીધારે ખડગ ત્રીશુલ કટારી.
દીસે ચંદ્ર વદન સુખકારી,

ઝુલ.

દૈત્યોના મસ્તક કાપીરે,
ભકતોને નવક્ષીધ આપીરે.
તારી કીરતી જુગ જુગ વ્યાપીરે,
ગણ ગાન્ધર્વરે નૃત્ય કરી ગુણ ગાતા,
નમુ તમને હુ બહુચર માતા. ૩

અમર સરવેરે અભય કર્યો બીરદાળી;
ભુવનેશ્વરી ભવ ભય ટાળી,
નીત્ય તેડોરે દર્શન દીનદયાળી.
છો શરણાંગત પ્રતીપાળી,

ઝુલ.

મા સેવક ગણીને તમારોર,
ભવસિંધુમાંથી તારોરે.
મા પ્રસન્ન નીત નીત થાઓરે,
બલીહારીરે વસતરાય ગુણગાતા,
નમુ તમને હું બહુચરમાતા. ૪

ગરબી.

કહેવા દેને કાન તારી માનો—એ રાગ.

નીરખી કરૂં હું પ્રણામ, નારાયણી નીરખી કરૂ હું પ્રણામ,
નામ નીરંજન ભવભય ભંજન,
આરાસુરી અભીરામ, નારાયણી૦ ૧
મહીષાસુર મારણુ મહાકાળી
શુભ નીશુભના ટાળ્યા ઠામ, નારાયણી૦ ૨
ચંદ્ર વદન નીરખ્યું સુખકારી,
વ્યાપક અંતર યામ. નારાયણી૦ ૩
જય મહાલક્ષ્મી જય કમળાક્ષી,
સ્પરસ સદા શીવ શ્યામ; નારાયણી૦ ૪

વસંત આવી તારી અરજ કરે છે,
વૈશ્નવીનું ધરી ધ્યાન. નારાયણી૦ ૫

રાગ ક્ષત્રીકલંકનો.

નમુ શ્વેતાચળ બહુચરબાળ,
વીનતી મારી ઉર ધરોરે,
આવી વસીયાં છે ચોક ચુંવાળ, વીનતી૦ ૧
માનું દેવળ દેખીને મન લોભે. વીનતી૦
હાડી તખતા ને ઝુમર શોભે, વીનતી૦ ૨
સુરજ સમ ઝળકે મુખચંદ્ર; વીનતી૦
થયા સાહ્ય શીવ વિધિ વીષ્નુ ઇંદ્ર વીનતી૦ ૩
થઇ કુરકુટ ઉપર સ્વાર. વીનતી૦
ભુજ અષ્ટાદશ પ્રબળ અપાર, વીનતી૦ ૪
કર્યો મરદ મેરીનો તતકાળ, વીનતી૦
માજી સુખીયો કીધો છે ભૂપાળ, વીનતી૦ ૫
ઘણા અસુર હણ્યા વીકાળ. વીનતી૦
ધરી આયુધ વીવીધ પ્રકાર, વીનતી૦ ૬
દંડ દીધા અસુરોને ઉપચાર, વીનતી૦
વદો શાણી વારવાર માર માર. વીનતી૦ ૭
હારી હીમત ન મુકો હથીયાર. વીનતી૦
કરો મુદગળ ત્રીશુળના પ્રહાર. વીનતી૦ ૮
પડે અસુર કરી ચીસકાર, વીનતી૦

હરે પ્રાણુ નવ લાગે પળ વાર. વીનતી૦ ૯
ચંડ મુંડ માર્યા મહીષાસુર, વીનતી૦
સ્તવે સ્તુતી સહુ સુર રહી દુર. વીનતી૦ ૧૦
સુણી અરજ ને કરો માજી સાહ્ય, વીનતી૦
લાગે વસંત તમારે પાય. વીનતી૦ ૧૧

રાગ લાવણી.

જુગદંબા દીન દયાળી બહુચરબાળી;
અલબેલી અંબે માત નમુ મતબાલી. ૧
મા કનક સીંગાસનમણી રત્નથી જડીયું,
તારૂં રૂપ અલૌકીક દેવ અમરે નવ કળીયું,
માએ સજ્યા સોળ શણુગાર અતીશે સારા.
હીમ હીરા રત્ન મણી મોતી બંધ ચળકારા;
દામણી ઝુલ એરીંગ નાકમાં વાળી, અલબેલી૦ ૨
મુસ્તક પર મુગટ ચળકે લળકે મોતી;
મુખ પુનમ ચંદ્ર નાકે નથની સોહાતી,
પાયે અણુવટ વીંછુવા ઝાંઝર જોઇ મન હીસે;
સાળુડે કસબી કોર અલૌકીક દીસે.
સજી ચરણા ચોળી કરમાં કટાર ધારી. અલબેલી૦૩
તેં માર્યો મહીષાસુર જુગ જશ લીધો;
દેવોને કીધી સાહ્ય અભય વર દીધો,
સિંહ ઉપર થઇને સ્વાર રક્ત રણુ રોળ્યો;.
શુંભ નીશુભ ચંડ ને મુંડ ચાંચડ વત ચોળ્યો,

આ અકળ સ્વરૂપે માત દીસો લટકાળી. અલબેલી૦૪
ગુણ ગાંધર્વ નારદ વીણા ધરી ગુણ ગાતા;
જગ જનુની તારી ગતી ન જાણે વીધાતા.
દેવળમાં હાંડી તખતા ઝુમર શોભે,
મા મુખડું તમારૂં જોવા મનડું લોભે,
વસંત કહે મા આવું ચાચર ચાલી;
અલબેલી અંબે માત નમું મતબાલી. ૫

રાગ ભૈરવી.

બાળા અલબેલી, નીરખી સુખીયા થઈએ આજ.
સનખલપુર મા આપ બીરાજો સેવકને શીર છાજો,
ઝગમગ જ્યોત જયાળી, ગોખે ચઢીને ગાજો માત. બાળા૦૧
વ્હાલ ધરી વલ્લભને તાર્યો, સુરથ કર્યો સુખીયારો,
યદુરામને ઘેર પધારી, લગ્ન વીધી સુધાર્યા કાજ. બાળા૦૨
મહીષાસુર મારણુ મહાકાળી, દીસો દીન દયાળી;
અસુર સર્વ સંહારી, ઇંદ્ર અમરને આપ્યું રાજ. બાળા૦૩
માન સરોવર મહાતમ મોટું, સ્નાન કરે સુખ થાય,
બે કર જોડી વસંત વીનવે, સહાય થશો સદાય. બાળા૦૪

સીંહાનો કનરો.

બહુચર બાળા. શ્રી આદ્ય ભવાની,
કાળી કૃપાળી, જય કલ્યાણી. બહુચર બાળા૦ ૧
આંદ્ય નીરંજન મુની મન રજન,
ભવ ભય ભંજન નીરગુણ નામી. બહુચર બાળા૦ ૨

શ્વેતાચળ વાળી અવીચળ ધામી;
જય જગ જનની જય નીષ્કામી. બહુચર બાળા૦ ૩
ત્રીપુરા તારણુ જય ગુણુગ્રામી,
ખળદળ ખંડન ગરૂડા ગામી. બહુચર બાળા૦ ૪
વસત કરે મા વદન તારૂં;
અકળ અકામી પદ શીષ નામી. બહુચર બાળા૦ ૫

ગરબી રાગ પીલુ.

નારાયણીરે અંબા દુ:ખહર દેવી,
સુર મુનીવર તુજને સેવી.
મહા કાળીરે સુંદીર રૂપ તમારૂં,
દેખી મન મોહ્યું મ્હારૂં.
અણીયાળીરે આંખડલી અલબેલી;
નીરખી થયાં આનદ હેલી.

ઝુલ.

માનુ મંદીર ગગને ગાજેરે
દરવાજે દુંદુભી વાગેરે
મા આરાસુર બીરાજેરે
તારા ભકતોરે સર્વે મળીને સેવી. સુર મુનીએ૦ ૧
ગુણવંતીરે ખડગ ત્રીશુળ કર ધાર્યાં,
મહીષાસુર સર્વે માર્યા.
બંધનથીરે સુર સકળ છોડાવ્યા;
નારાયણીં દીસો ન્યારાં.

ઝુલ.

છો અકુળ કાળા અવિનાશીરે,
જગ જનની જ્યોત પ્રકાશીરે.
વળી થયાં આરાસુર વાશીરે;
મહા લક્ષ્મીરે જુગમાં નહિં તુજ જેવી. સુર મુનીએ૦ ૨
દેવળમાંરે સીંહાસન શુભ છાજે;
તે ઉપર માત બીરાજે.
મૂર્તી મારે રૂપ અલૌકીક ભાસે;
જ્યાં જળહળ જ્યોત પ્રકાશે.

ઝુલ.

ઝળકે કોટી સુરજ સમ અંગરે,
શોભે વદન પુનેમ ચંદ્ર રે.
કમળ નયન પ્રેમનો ફંદરે;
રતી લાજત રે છબી રઢીયાળી છેલી. સુર મુનીએ૦ ૩
મુસ્તક પરરે મુગટ મણીમય શોભે,
જોઇ ભક્ત તણા મન લોભે.
ચરણા ચોળીરે ધર્યા પુષ્પ મંદારના હાર,
સુંદીર ચાંદલો ચળકે ભાળ;

ઝુલ.

કરી સિંહની ઉપર સ્વારીરે,
કર મધ્યે ત્રીશુળ ધારીરે.

બેઠાં સનમુખ ગોખે બાળીરે;
કહે વસંતરે જનમો જનમ છો બેલી. સુરમુનીએ૦ ૪

ગરબી.

નમી નમી પ્રણમુ બહુચર માત નીરખીએ પ્રીતથીરે,
નીત નીત નાહીએ માન સરોવર નમીએ નીમથીરે. ૧
બહુ બળ દીસે છે અલબેલી બહુચર બાળમારે,
શ્વેતાચળથી આવી વસીયાં. ચોક ચુંવાળમારે. ૨
રૂડા દીસો છો રાજેશ્વરી મદીર આવતારે;
સર્વે ભક્ત મળીને મોતીડે વધાવીયાંરે. ૩
આવ્યા નવરાત્રીના દીન આનંદ અગ જામતોરે,
સજીયા સોલ સહસ્ત્ર શણગાર આભુષણ ઓપતારે ૪
વાહન મૃગ તણુ કરી માત ત્રીષુળ કરમાં ધરીરે,
નીરખું ચંદ્ર વદન સુખકારીઃ મુંગટ શીર છત્ર ધરીરે. ૫
અકળ સ્વરૂપે દીસો માત, અખીલ અમરેશ્વરીરે,
હરી હર બ્રહ્મા વિષ્ણુ શીવ કે સેવે શ્રીહરિરે. ૬
નારદ સારદ નેહે વીણા ધરી ગુણ ગાવતારે
વિધિ હરીહર ઇંદ્ર અમર સહુ પુષ્પે વધાવતારે. ૭
માજી મેરીનો કર્યો મર્દ સેવક સુખ આપીયારે
દેવ અમરની કીધી સાહ્ય અસુર શીષ કાપીયારે .
માતા રે ચાચર મૃગ બહુ ખેલે બોલો મુખ બહુચરીરે
દીસોછો ઝગમગ જ્યોતે જગતપર માજી દયા કરીરે ૯

ગરબો ગાય શીખે ધરી કોડ મા સંકટ કાપશેરે,
ભગવતી ભવના ટાળે બંધ, અભય સુખ આપશેરે ૧૦
દર્શન દીન દીન તેડો માત, જગત જગદીશ્વરીરે
વસત શરણે આવે સાહ્ય કરો કરૂણા કરીરે. ૧૧

ગરબી મ્હોલે પધારો મ્હારાજ—એ રાગ

અલબેલી બહુચર માતરે સનખલપુર વાળી,
તારા દરશનની મુને આશીરે સનખલપુર વાળી

સખી.

ચંદ વર્ન રળીયામણું, સજ્યા સોળ શણગાર;
કંઠે હાર હીરાતણા, માજી દામણી ચળકે ભાળરે સનખલપુરવાળી ૧
નાકે વાળી શોભતી, એરીંગ ચળકે કાન,
હબચી એ હીરલા ઝગમગે માજી નરણે તે કાજળ સારરે.
સનખલ૦ ૨

સાખી.

કરમા કંકણ ચુડીલો, વાકે રત્ન જડાવ;
બાહે બાજુબધ બેરખા, વીંટી હીરાની ઝાકઝમાળરે,
સનખલપુર૦ ૨

સાખી.

અણુવટ વીંછુવા વાજતા, ઝાઝરનો ઝમકાર,
ચરણા ચોળી સાળુ સજ્યો, માને ચાંદલો ચળકે કપાળરે.
સનખલપુર૦ ૪

સાખી.

આંગી અંગે સોભતી; થયાં કુરકુટ સ્વાર,
ખડગ ત્રીશુળ કર ધારીયાં, દીસે ઝગમગ જ્યોત ઝળકારરે,
સનખલપુર૦ ૫

સાખી.

રચના થાએ રજનીએ, હાંડી ઝુમર સાથ,
છડીદાર ઉભા રહે, ઝાલી છડી નીજ હાથરે. સનખલ૦ ૬

સાખી

જગત પાવની મા તમે. પામર તણા પ્રતીપાળ,
દર્શન આપી દાસને, માજી સેવકની લ્યો સંભાળરે.
સનખલપુર૦ ૭

સાખી.

નારીનો નર નીપજાવીયો, રાખી જગતમાં લાજ,
સોલંકીની અરજ સુણી તમે સાર્યા તે સઘળા કાજરે
સનખલપુર૦ ૮

જગ જનુની ચાવડી, બીરદાળી બહુચર બાળ,
નીરમળ વાણી આપ તું, મારા જીવના તે બંધન ટાળરે
સનખલપુર૦ ૯

સાખી.

ગરબો માજી તાહરો, ગાય શીખે સુણી વ્હાલ,
સુખી થશે તે સર્વદા, કર જોડી કહે વસંતરાયરે,
સનખલપુર૦ ૧૦

બીરદાળી બહુચર માતરે સનખલપુરવાળી,
તારા દર્ષનની મુને આશરે સનખલપુરવાળી.

ધીરે ધીરે ચાલો મારા પ્રાણુરે એ રાગ

વારી વારી હું બહુચર માતરે,
માજી ઝાલો હવે મારો હાથરે,
મુજ હૃદય પુરો માજી વાસરે,
નીરખું નેહ ધરી નારાયણી હું નીત્ય.
અર્જ સુણો અલબેલી બાળા અકળીત,
જગત માત તમે છો પ્રખ્યાતરે; વારીવારી૦ ૧
માજી ઝાલો મુજ હૃદય૦

સાખી.

જ્યોત ઝળકતી તાહરી, ચંદ્ર વદન ચળકાર,
અંબર શુભ અંગે ધર્યા સજ્યા શોળ શણગાર, વારીવારી૦ ૨
માજી ઝાલો. મુજ હૃદય૦
આશા રાખો તમારી બહુચર બાળી,
ભુવનેશ્વરી ભવ ભય દેજો ટાળી,
તમો આદ્ય અવિચળ અજાતરે વારીવારી૦ ૩
માજી ઝાલો. મુજ હૃદય૦

સાખી.

પ્રેમ પુષ્પ પદ અરપીએ, જય જય અંતરયામ
વસંત કહે કર જોડીને, પળપળ કરી પ્રણામ,
વારી વારી હુ બહુચર માતરે,

માજી ઝાલો હવે મારો હાથરે.
મુજ હૃદય પુરો માજી આશરે,

ગરબી

અંબા જોયાની આડીરે—એ રાગ.

અલબેલી બહુચર માતરે મા રમવાને આવો,
દેવી છો દીન દયાળરે મા રમવાને આવો;
સનખલપુર મા બાળા બીરાજે,
સેવકને શીર છાજોરે. મા રમવા૦ ૧
હીમ સીંહાસને આપ બીરાજો,
ગોખ ચઢીને ગાજોરે, મા રમવા૦ ૨
શણુગાર સોળ સજીનેરે બેઠા,
ચરણાં ચોળી સાડીરે. મા રમવા૦ ૩
છત્ર સોનાનું ધર્યું શીર ઉપર,
મુગટ તણી બલીહારીરે, મા રમવા૦ ૪
અત્તર તેલ ફુલેલ અરગજા,
પુષ્પ મંદારના હારરે. મા રમવા૦ ૫
ચંદ્ર વદન નીરખ્યું સુખકારી,
કુરકુટ થયાં છો સ્વારરે; મા રમવા૦ ૬
અકળ કળા છે અનુપમ તારી,
કરમા ત્રીશુળ કટારીરે. મા રમવા૦ ૭
શુંભ નીશુભ રહ્યા સરવે હારી,

મહીષાસુર નાખ્યો મારીરે, મા રમવા૦ ૮
માન સરોવર મહાતમ મોટું.
નાહે પ્રાશ્ચીત જાયરે. મા રમવા૦ ૯
જે કોઈ આવે ભાવ ધરીને,
સંકટ દુર પળાય રે; મા રમવા૦ ૧૦
જળહળ જ્યોત દીસે જગતપર,
ચાચર ચોકે પ્રકાશેરે. મા રમવા૦ ૧૧
શીવ સનકાદીક ધ્યાન ધરે છે,
અમર સહું જપે જાપેરે, મા રમવા૦ ૧૨
ચુવાળ મધ્યે વસે છે બાળા,
ભવના સંકટ કાપે રે. મા રમવા૦ ૧૪
બ્હેરાં બોબડાં આંધળા આવે,
સદાય સુખ તેને આપે રે, મા રમવા૦ ૧૪
સાચે મને સેવે સનખલપુરી,
મનવાંચ્છીત ફળ થાશેરે. મા રમવા૦ ૧૫
પ્રેમ ધરી પ્રણામ જ કરીએ,
જે માગે તે આપેરે, મા રમવા૦ ૧૬
ભાવ ધરી ભગવતીને ભજીએ,
માજીનો પ્રતાપ સાચોરે. મા રમવા૦ ૧૭
બે કર જોડીને વસત કહે છે,
ભવસીંધુ પાર ઉતારોરે, મા રમવા૦ ૧૮

ગરબી.

પારે ક્યારે તેડશો મતવાલીરે—એ રાગ

બહુચર બીરદાળી મા મતબાલીરે,
તારે ચાચરે આવું મા ચાલી, બહુચર૦
આવ્યા નવરાત્રીના દીનરે,
સહુ જન થયા છે લીનરે.
તારે ચાચરે રમવાનું મન, બહુચર તારે ચાચરે૦ ૧
આદીત વારે મા આનંદ આપોરે,
મારા સકળ સંકટો કાપોરે,
મને દાસ ગણીને મા સ્થાપો. બહુચર. તારે ચાચરે૦ ૨
સોમે સુદીર રૂપ તમારૂં રે,
બાળા નીરખી મોહ્યું મન મારૂ;
તારૂં ધ્યાન હૃદય નીત્ય ધારૂ. બહુચર. તારે ચાચરે૦ ૩
ભોમવારે ભવાની ભાળીરે,
રહ્યાં ઝગમગ જ્યોતે જયાળીરે;
તારી ગહનગતી દીસે ન્યારી. બહુચર. તારે ચાચરે૦ ૪
માજી બુધે તે બાળ સ્વપરૂ રે,
આવી પારે નમે મુની ભુપેરે;
માજી દીસે છે આનદ રૂપે. બહુચર. તારે ચાચરે૦ ૫
ગુરૂવારે મા ગબ્બર વાળીરે,
કર લીધા છે ખડગ કટારીરે;
મહીષાસુર નાખ્યો છે મારી. બહુચર. તારે ચાચરે૦ ૬

શુક્રવારે તે શોભા તારી રે,
નીરખી શુંભ નીશુંભ રહ્યા હારીરે,
થઇ દેવને આનંદકારીરે. બહુચર. તારે ચાચરે ૭
શનીવારે તે સરસ્વતી દેવીરે,
સુરમુનીવર સર્વે સેવીરે;
માજી સૃષ્ટિમાં નહિં તુજ જેવી. બહુચર. તારે ચાચ૦. ૮
સાત વારે તે જે કોઈ ગાશેરે.
પાપ પુર્વે જનમના પળાશેરે.
વસતરામ કહે તુજ આશેરે.
બહુચર બીરદાળી મા મતબાલી,
તારે ચાચરે આવું મા ચાલી. બહુચર૦ ૯

ગરબી.

જીમના જળ ભરવુ મ્હારે કુવર કનૈયા. એ રાગ

શુભ સનખલપુર છે ગામ શોભા સારીરે,
અલબેલી બહુચર માત નજરે ન્યાળીરે. ૧
માનો ગુણવતો છે ગોખ રચના સારીરે,
શોભે સનમુખ ચાચર ચોક જાઉ બલીહારીરે. ૨
સજયા સોળ સરસ શણુગાર બહુચર બાળીરે,
તારી અકળ કળા ન કળાય દીસે ન્યારીરે. ૩
શોભે મસ્તક મુગટ ભાળ દામણી ચળકેરે,
કરી કુમકુમ કેસર આડ, ચાંદલો ચળકેરે, ૪
પ્હેર્યાં એરીંગ ઝાક ઝમાળ, લીલમ લળકેરે;

નાકે વેસર મોતી માંહ્ય હીરલા ઝળકેરે. ૫
કડા સાકળાં બાજુબંધ ચુડીલો ચળકેરે;
હીરા રત્નથી જડીઆ હાર જોઇ મન લળ કેરે. ૬
પાયે ઝાંઝરનો ઝમકાર વીંછુવા ઠમકેરે;
કલ્લાં કાંબી ને સાંકળાં સાર ઘુઘરા ઘમકેરે. ૭
પ્હેરી પુષ્પ મદારના હાર રાજેશ્વરી રાજેરે,
થયાં કુકડુટ ઉપર સ્વાર ગોખે બીરાજેરે. ૮
પ્હેર્યાં ચરણા ચોળી શીર જરકસી સાડીરે;
નીરખી ચદ્ર વદન મુખ રૂપ જાઉં બલીહારીરે. ૯
માજી માર્યા તેં શુભ નીશુભ દીન દયાળીરે,
હણ્યો રકતબીજ પ્રત્યક્ષ દૈત્યો સહારીરે. ૧૦
કર્યો મહીષાસુરનો નાશ ત્રીશુળ ધારીરે,
કરી સુર સકળની સાહ્ય સકટ નીવારીરે. ૧૧
માજી તારાં છે નામ અનેક વદે વીસ્તારીરે;
પણ આદ્ય શક્તિ તું એક માયા પ્રસારીરે ૧૨
સેવકને કરી કરૂણાય દર્શન આપોરે,
કરો સંકટ સમયે સાહ્ય દુખ સહુ કાપોરે. ૧૩
હુ તો રાખું છું તુજ વિશ્વાસ નરણે નીરખીરે,
વસત કહે તુજ દાસ હૈડે હરખીરે. ૧૪
સનખલપુર મા બીરાજે બહુચર માવડીરે,
માત મયાળી (૨) લાગું તારે પાય. સનખલપુર. ૧

માજી બાળ સ્વરૂપે બીરાજીયાંરે,
અકળ કળા (૨) માજી તાહરી નકળાય બહુચરમાત સન. ૨
આદ્ય અંત મધ્ય મા તું એક ઇશ્વરીરે,
તાહરાં ચરણ(૨) શરણ સેવે મળે વીરામ. બહુ સન ૩
અમર ઇંદ્ર જોગીન્દ્ર મુની સેવતારે,
વિધિ વિંનુ (૨) શેસ શકર ગુણ ગાય. બહુચર૦ સન૦ ૪
જળ સ્થળને બ્રહ્માંડે મા વ્યાપીયાંરે,
કરજોડી (૨) મા વસંત ગુણ ગાય. બહુચર. સનખલ ૫

હોરી રાગ કાફી.

હોરી ખેલે બહુચર બાઇ.

મહાલક્ષ્મી કાળી ત્રીપુરા કનકાઇ આવી લલીતા માઇ,
આશાપુરી તુળજા ભદ્ર ભવાની બ્રહ્માણી રૂદ્રાણી આઈ.
કેસર સંગ ગાગર લાઇ, હોરી ખેલે બહુચર બાઇ. ૧
ચંડી ચામુંડા અંબા મતબાલી, જ્વાળામુખીને અજાઈ;
ઇંદ્રાણી અનપુર્ણા આવી, નવદુર્ગા મન ભાવી,
આવી ચાચર ધુમ મચાવી, હોરી ખેલે બહુચર બાઇ ૨
અબીલ ગુલાલ ઉડાવત અંગપર, ચુવા ચદન બલીહારી,
શીર કંચનકી ગાગર ભારી, હાથલીએ પીચકારી,
એક એક પર છાંટે ધારી, હોરી ખેલે બહુચર બાઇ ૩
બ્રહ્મા વેદ ભણે તુજ આગે શ્રી કૃષ્ણ બસાબભઈ;
નારદ નૃત્ય કરે તુજ આગળ, શંકર ધ્યાન ધરાય
ખેલે સહુ માત મચાઇ, હોરી ખેલે બહુચર બાઈ ૪

પુષ્પ તણી અતિ વૃષ્ટિ કરે છે, સુર સકળ નીહાળી;
ચંદ્રવદન નીરખ્યુ સુખકારી, ઝગમગ જ્યોત પ્રકાશીરે.
બીરાજ્યાં દીનદયાળી, હોરી ખેલે બહુચર બાઈ૦ ૫
મા બીરદાળી દર્શન દેજો, માહેશ્વરી સુખદાઇ;
ભક્ત તણાં દુઃખ સંકટ ફેડો, માજી કર મુજ સાહી;
વસંત બેઠો શરણુ સાહી, હોરી ખેલે બહુચરબાઇ૦ ૬

પદ રાગ કાફી.

શરણે આવ્યો હુ આજ વૈશ્નવી વ્હાલ ધરી મા,
શરણે આવ્યો હું આજ૦ ૧
અદભુત આંગી આદ્ય ઇશ્વરી, અકળ કળા ન કળાઈ;
મતબાલી માત મયાળી, શરણે આવ્યો હું આજ. ૨
જળહળ જ્યોત જગત પર તારી, બાળા જાઉં બલીહારી;
શરણાગત જન પ્રતિ પાળી, મા શરણે આવ્યો હું આજ. ૩
ચન્દ્રવદન સુખરૂપ મનોહર, અલબેલી અકળીત આઈ;
પરમેશ્વરી પાપ પ્રજાળી, મા શરણે આવ્યો હું આજ. ૪
અતિ કરૂણા મા કરી મુજ ઉપર, આપો અવિચળ ધામ;
ભવથી જાઉં તરી, મા શરણે આવ્યો હુ આજ. ૫
સરવે કાળ હું શરણુ તમારે, અન્ય નહિં આધાર;
વસંત કહે કર જોડી મા શરણે આવ્યો હું આજ.
વૈશ્નવી વ્હાલ ધરી મા શરણે આવ્યો હું આજ. ૬

રાગ લલીત.

નમુ નમુ હુ નિત્ય, માત બહુચરી;
અકળ ઇશ્વરી, મા વીરાજતી. ૧

સર્વ કાળ ધ્યાન તાહરૂં ધરૂં;
નિત્ય ધર્મ કાર્ય મા હું સંચરૂં. ૨
બહુ બલીષ્ટ છે મા શંક્તિ તાહરી,
નવ કળી શકે મા વૃત્તિ માહરી. ૩
અખીલ વિશ્વની માત તું ઘણી;
સર્વ દેવથી, શ્રેષ્ટ તો ગણી. ૪
અતિ દયા કરી, મા હાથ ઝાલશો,
ત્રીવીધ દુઃખ સંકટો કાપશો. ૫
શુંભ નીશુંભ ચડ મુંડ મારીયા;
અમર ઇંદ્ર ને મુનીંદ્ર તારીયા. ૬
મહીષ મારીયો કરી સિંહ સ્વારી રે;
ત્રીપુર સુંદરી ત્રીશુળ ધારીરે. ૭
કહે વસંત મા દાસ તાહરો;
સરવ કાળ મા કૃપા તમે કરો ૮

રાગ ભુજંગી

નમું હું તને માત બહુચર બાળી,

સદા ભક્તિ આપો માજી સુખકારી;
અખંડીત આનંદદાતા દયાળી,
નમું હું તને માત બહુચર બાળી ૧
ચંડ મુંડને ચાંચડવત્ ચોળ્યો,
રક્તબીજને રણ મધ્યેજ રોળ્યો;
મહીષ આદે દૈત્યો ઘણાને સંહારી,
નમું હુ તને માત બહુચર બાળી; ૨
ભુવનેશ્વરી દ્યો ભવદુઃખ ટાળી,
ચંદ્રવદન નીરખું સુખકારી,
ત્રીપુરેશ્વરી આદ્ય શક્તિ કૃપાળી,
નમું હું તને માત બહુચર બાળી; ૩
શરણાંગત છું કરો સુખ શાતા,
નમું ચરણ તારે મા શાંતી પ્રદાતા,
તમે દુઃખહરણી છો દીનદયાળી,
નમું હું તને માત બહુચર બાળી· ૪
નીયંતા તમે માત સર્વત્ર ભાસો,
સહુ સ્થાન મા પૂર્ણતાથી પ્રકાશો;
અખંડીત આનંદ આશ્ચયકારી,
નમું હું તને માત બહુચરબાળી. ૫
તમે છો સ્વયંભુ અનાદી અજાત,
માજી સર્વનાં છો તમે માત તાત;

દીસો જાગતી જ્યોત માજી તમારી,
નમું હું તને માત બહુચર બાળી. ૬
તમારૂં અધીષ્ટાન છે સુખ સત્ય,
થયું છે તમારા થકી સર્વ સત્ય,
મંમાયા માત છો મહા કાળી,
નમુ હું તને માત બહુચર બાળી. ૭
અમારે ખરો આશરો છે તમારો,
કરૂણા થકી નિત્ય કરો ઉપકાર;
વિનંતી લો વસંતની મા સ્વીકારી,
નમું હું તને માત બહુચર બાળી. ૮

આરતી.

ભાવ ધરીને માત ભજીએ બ્રમાણી (૨) માજી
જગતજનુની માતા(૨) કાયાની કલ્યાણી. જય જય બ્રહ્માણી. ૧
પુરવ મા કરી મુખ માજી બીરાજો (૨) માજી
બેડી લે તમ વાસો (૨) સેવક શીર છાજો. જય જય બ્રહ્માણી. ૨
નટપુર ગામ નીવાસ માજી તમે કરીયો (૨) માજી.
અવીચળ શુભ પદ આપો(૨) દ્વાર તારે અડીયો. જય જય૦૩
કોપ્યા વીધી અપરાધ મા નીશદીન દેખો (૨) માજી.

દયા કરી દીન દેખો [૨] ચીતમા નવ લેખો. જય જય૦૪
સકળ વિશ્વમા વ્યાપ્ત મા સત્તા ભાસે [૨] માજી.
સુંદર નીયમો નીરખી [૨] ચીત નીત ઉલ્લાસે જય જય ૫
પ્રેમ પુષ્પની માળ માને શુભ ચરણે [૨] માજી.
અરપણ કરી દ્રઢ શ્રદ્ધા [૨] થકી રહીએ શરણે. જય જય૦૬
જાગતી જ્યોત હે અંબ દુનીયાની દાણી [૨] મા
શત્રુને સહારો [૨] ભોળી બ્રંહ્માણી. જય જય બ્રંહ્માણી ૭
ભવ થકી પાર ઉતારો સ્મરણ સદા કરીએ (૨) મા
કહે બાળ કર જોડી (૨) ધ્યાન હ્રદય ધરીએ. જય જય૦૮

દોહરો.

ગુણ ગાયા માજી તણા, યથા મતીએ આજ,
સમરૂ સદા સનખલપુરી, જય જય બહુચર માત. ૧

સ્તુતિ.

હે માતુશ્રી મંગળરૂપ જગદંબા કે જે જગતને ઉત્પન્ન કરનાર બાળા બહુચરી માહેશ્વરી હું વારંવાર પ્રણામ કરૂ છુ.

હે જગતનાં માતા મંમાયા, હે મોક્ષ દેનારાં તમે કે જે કલ્યાણરૂપ શાંતીરૂપ વિદ્યારૂપ જગતને રચનારા આ જગતમાં વ્યાપ્ત છો તેમને હું વારંવાર પ્રણામ કરૂં છું. હે

દેવી ! અવગુણોથી વીંટાએલો હું તમે કે જે નીરગુણ છો તેમના સ્વરૂપને બુદ્ધિથી વિચાર કરતા છતા જાણુતો નથી. હે જગદંબ ! પ્રગટ પ્રભાવ વાળાં ભકતોની પીડાનો નાશ કરવામાં તત્પર અને પરમ શક્તિરૂપ અપાની હું શું સ્તુતિ કરૂં ! તમે સર્વવ્યાપક સર્વ જીવોની બુદ્ધિ વિદ્યા, મતી અને ગતીરૂપ છો, તમે સર્વના મનનાં નીયંતા છો મનથી જણાતા નથી તો હુ પામર પ્રાણી તમારી સ્તુતિ કેમ કરી શકું ? હે મા ! દેવતાઓમાં ઉત્તમ બ્રહ્મા શીવ વિષ્નુ એઓ નીરંતર સ્તુતિ કર્યા કરે છે તોપણ તમારા ગુણોનો પાર પામ્યા નથી. તો હું કે જે અપ્રસિદ્ધ ભેદ બુદ્ધિવાળો દુર્ગુણોથી ઘેરાએલો હ્યું તે તમારા ચરીત્રનું વર્ણન કેવી રીતે કરી શકું ? હે મા બહુચરા ! હુ આપને શરણે હ્યું, મ્હારા અપરાધો ક્ષમા કરશો. હું તો અલ્પ બુદ્ધિનો માણુસ હ્યું, મારાથી કંઈ અશુદ્ધ બોલાયું હોય તથા અશુદ્ધ પદ લખાયું હોય તો તેની હું પામર પ્રાણી આપની પાસે ક્ષમા માગું હ્યું ને હું આપનો શરણાગત હ્યું.

સમાપ્ત.